પેજ 3

## પ્રભાસની ફિલ્મ જોવા પ્રેક્ષકો મગર લઈને સિનેમા હોલ પહોંચ્યા



વિજયવાડા (આંધ્ર પ્રદેશ), તા. 9: સાઉથના સુપરસ્ટાર પ્રભાસની હોરર-કોમેડી 'ધ રાજા સાબ' રિલીઝ થતા જ ચાહકોમાં જબરો ક્રેઝ જોવા મળી રહ્યો છે. પ્રભાસના એક્શન સીન કોપી કરવાના ચક્કરમાં કેટલાક ફેન્સ તો થિયેટરમાં નકલી મગર લઈને પહોંચી ગયા, જેને જોઈને પ્રેક્ષકોમાં ભારે કુતૂહલ સર્જાયું હતું. આવી જ દીવાનગી અગાઉ મહેશ બાબુની ફિલ્મ વખતે પણ જોવા મળી હતી, જ્યારે એક ફેન સાચો સાપ લઈને સિનેમા હોલમાં ઘૂસી ગયો હતો. રૂ. 400 કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મમાં સંજય દત્ત અને માલવિકા મોહનન પણ છે. ફિલ્મે એડવાન્સ બુકિંગમાં જ રૂ. 15.31 કરોડ મેળવી લીધા છે અને ઓપનિંગ ડે પર પણ જોરદાર કમાણી કરી રહી છે. પ્રભાસનો આ નવો અંદાજ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવશે.

## ઓસ્કાર 2026: 'કાંતારા' અને 'તન્વી ધ ગ્રેટ' સહિત 4 ભારતીય ફિલ્મો રેસમાં



**એનિમેટેડ** ફિલ્મ 'મહાવતાર નરસિમ્હા' અને તમિલ ફિલ્મ 'ટૂરિસ્ટ ફેમિલી' પણ પાત્ર ફિલ્મોની યાદીમાં સામેલ

**કુલ** 317 ફિલ્મોમાંથી માત્ર 201 ફિલ્મો જ 'બેસ્ટ પિક્ચર' શ્રેણી માટેના માપદંડો પૂર્ણ કરી શકી

લોસ એન્જલેસ, તા. 9 (પીટીઆઈ): એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સીસ દ્વારા કરવામાં આવેલી જાહેરાત મુજબ, ઓસ્કાર 2026માં 'બેસ્ટ પિક્ચર' એવોર્ડ માટે સ્પર્ધા કરવા પાત્ર 201 ફિલ્મોની યાદીમાં કન્નડ બ્લોકબસ્ટર 'કાંતારા: એ લિજેન્ડ - ચેપ્ટર 1' અને હિન્દી ફિલ્મ 'તન્વી ધ ગ્રેટ' સહિત ચાર ભારતીય ફિલ્મોએ સ્થાન મેળવ્યું છે. એકેડેમીએ ગુરુવારે 98મા એકેડેમી એવોર્ડ્સ માટે પાત્ર ફિલ્મોની 'રિમાઇન્ડર લિસ્ટ' જાહેર કરી હતી. આ યાદી એવા ફિલ્મોની છે જે બેસ્ટ પિક્ચર સહિતની સામાન્ય શ્રેણીઓ માટેની પાત્રતાના માપદંડો પૂર્ણ કરે છે. આ યાદી બાદ હવે 22 જાન્યુઆરીએ સત્તાવાર નોમિનેશનની જાહેરાત કરવામાં આવશે. ઋષભ શેટ્ટીની 'કાંતારા' અને અનુપમ ખેરના નિર્દેશનમાં બનેલી ફિલ્મ ઉપરાંત, અન્ય બે ભારતીય ફિલ્મોમાં બહુભાષી એનિમેટેડ ફિલ્મ 'મહાવતાર નરસિમ્હા' અને પ્રથમ વખતના ફિલ્મ નિર્માતા અબિશન જીવંતની તમિલ ફિલ્મ 'ટૂરિસ્ટ ફેમિલી'નો સમાવેશ થાય છે. આ ઉપરાંત, રાધિકા આપ્ટે અભિનીત અને ભારત-યુકેના સહ-નિર્માણવાળી હિન્દી ભાષાની ફિલ્મ 'સિસ્ટર મિડનાઇટ' પણ આ યાદીમાં સ્થાન મેળવવામાં સફળ રહી છે. દરમિયાન, એકેડેમીની 317 ફિલ્મોની જનરલ એન્ટ્રી યાદીમાં ભારતની સત્તાવાર એન્ટ્રી 'હોમબાઉન્ડ' સહિત અન્ય ભારતીય ફિલ્મો અને સહ-નિર્માણોનો સમાવેશ થાય છે. આ યાદીમાં 'દશાવતાર' (મરાઠી), 'ગેવી' (તમિલ), 'હ્યુમન્સ ઇન ધ લૂપ', 'મહામંત્ર', 'પાપા બુકા', 'પેપર ફ્લાવર્સ' અને 'પારો' જેવી ફિલ્મો ઓસ્કારની વિવિધ શ્રેણીઓ માટે પાત્ર બની છે. કુલ 317 ફિલ્મોમાંથી માત્ર 201 ફિલ્મો જ 'બેસ્ટ પિક્ચર' શ્રેણી માટેના કડક અને વધારાના માપદંડો પૂર્ણ કરી શકી છે. જોકે, આ યાદીમાં હોવાનો અર્થ એ નથી કે ફિલ્મ નોમિનેટ થઇ ગઇ છે. હજુ ફિલ્મોએ એકેડેમીની ગુપ્ત મતદાન પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. પાત્રતા માટે ફિલ્મોએ વર્ષ 2025 દરમિયાન અમેરિકાના મુખ્ય મેટ્રો શહેરોમાં ઓછામાં ઓછા સાત દિવસ સુધી પ્રદર્શિત થવું અને એકેડેમીના સર્વસમાવેશક ધોરણોનું પાલન કરવું અનિવાર્ય છે. ઉલ્લેખનીય છે કે, નીરજ ઘાયવાનની ફિલ્મ 'હોમબાઉન્ડ', જે ભારતની સત્તાવાર એન્ટ્રી છે, તે પહેલેથી જ ઇન્ટરનેશનલ ફીચર ફિલ્મ કેટેગરીમાં શોર્ટલિસ્ટ થયેલી 15 ફિલ્મોમાં સામેલ છે. 98મો ઓસ્કાર એવોર્ડ સમારોહ 15 માર્ચના રોજ યોજાશે.



## બ્રિટનમાં ગોરેટી વાવાઝોડાનો તરખાટ

**અનેક** વિસ્તારોમાં વિજ પુરવઠો ખોરવાયો

**ફ્લાઇટો** રદ, ટ્રેનો અટકી પડી, રસ્તાઓ અવરોધાયા, શાળાઓ બંધ

લંડન, તા. ૯: બ્રિટનમાં વિનાશક પવન અને ભારે હિમવર્ષા સાથે ત્રાટકેલા વાવાઝોડા ગોરેટી ના કારણે હજારો લોકોએ વીજ કાપ, શાળાઓમાં રજા અને મુસાફરીમાં ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

નેશનલ ગ્રીડની વેબસાઈટ અનુસાર, શુક્રવારે બપોરે દક્ષિણ-પશ્ચિમ ઇંગ્લેન્ડમાં 40,000 થી વધુ મકાનોમાં વીજળી ગુલ હતી. આ ઉપરાંત, વેસ્ટ મિડલેન્ડ્સમાં આશરે 11,000 થી વધુ મકાનો વીજળી વિનાના હતા. આ પરિસ્થિતિ ત્યારે સર્જાઈ જ્યારે વાવાઝોડાના કારણે દક્ષિણ-પશ્ચિમ ઇંગ્લેન્ડમાં લગભગ 100 માઇલ પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંક્યો અને વેલ્સ તથા મિડલેન્ડ્સમાં ભારે હિમવર્ષા થઈ, જેને અધિકારીઓએ 'એક દાયકાની સૌથી ખરાબ' હિમવર્ષા ગણાવી છે. ગોરેટી વાવાઝોડું હવે પૂર્વ તરફ આગળ વધી રહ્યું છે, પરંતુ શિયાળુ હવામાન આ સપ્તાહાંતે પણ દેશને ઝપેટમાં રાખશે. હવામાનશાસ્ત્રીઓએ ચેતવણી આપી છે કે રવિવારે વધુ હિમવર્ષા થઈ શકે છે. ભારે હવામાનને કારણે આજે શાળાઓ બંધ રાખવાની ફરજ પડી હતી અને મુસાફરીઓમાં વિક્ષેપ પડ્યો હતો; એરપોર્ટ પર ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી, રસ્તાઓ બ્લોક થઈ ગયા હતા અને રેલ નેટવર્કનો મોટો હિસ્સો બંધ રહ્યો હતો.

# અમેરિકાની અનોખી ઢોર પરેડ! ડેનવરના રસ્તા પર 'હોર્ન' નહીં, 'લોન્ગહોર્ન'!



» અમેરિકાના કોલોરાડોમાં આવેલા ડેનેવર શહેરમાં દર વર્ષે જાન્યુઆરીમાં એક અનોખી પરેડ યોજાય છે જેમાં જાત જાતના પશુઓ ભાગ લે છે. લાંબા, અણિયાળા શિંગડાવાળી ગાયોથી લઇને છટાદાર ઘોડાઓ સુધીના પશુઓને લઇને તેમના માલિકો આ પરેડમાં આવે છે. આ વર્ષની પરેડ ગુરુવારે ડાઉનટાઉન ડેનેવરમાં યોજાઇ હતી. યુનિયન સ્ટેશનની બહારથી શરૂ થયેલી આ પરેડ ગ્લેનઆર્મ પ્લેસની ૧૭મી સ્ટ્રીટ સુધી ગઇ હતી. આ પરેડ પછી નેશનલ વેસ્ટર્ન સ્ટોક શો નામનો પશુમેળો શરૂ થઇ રહ્યો છે જે ૨૫મી જાન્યુઆરી સુધી ચાલશે. આ વર્ષે આવો ૧૨૦મો વાર્ષિક પશુમેળો છે. આ મેળો જોવા આવનારાઓ માટે જાત જાતના પશુઓ ઉપરાંત આઇસ સ્કેટિંગ અને ફૂડ માર્કેટ જેવા પણ આકર્ષણો હોય છે.



## ફિલિપાઇન્સમાં કચરાનો ઢગલો ધસી પડતા 38 લોકો દટાયા, એકનું મોત

**કચરો** ઠાલવવાની જગ્યાએ થયેલા આ અકસ્માતમાં 12 લોકો ઈજાગ્રસ્ત થયા, 13 લોકોને જીવતા બહાર કઢાયા

મનીલા, તા. 9 (એપી): ફિલિપાઈન્સના સેબુ શહેરમાં આવેલા એક લેન્ડફિલ (કચરો ઠાલવવાની જગ્યા) પર ગુરુવારે બપોરે કચરો, માટી અને કાટમાળનો મોટો ઢગલો ધસી પડતા અનેક કામદારો કાટમાળ નીચે દટાયા હતા, જેમાં અત્યાર સુધીમાં એક વ્યક્તિનું મોત થયું છે, 12 લોકો ઈજાગ્રસ્ત થયા છે અને 38 જેટલા લોકો હજુ પણ ગુમ છે, એમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

સેબુ શહેરના બિનાલીવ ગામમાં બનેલા આ અકસ્માત બાદ બચાવકર્મીઓએ રાત્રે 13 લોકોને જીવતા બહાર કાઢ્યા હતા.

# રશિયાનો યુક્રેન પર ભારે હુમલો, નવી બેલેસ્ટિક મિસાઈલનો ઉપયોગ કર્યો

**હુમલામાં** 4 લોકોનાં મોત

**અવાજ** કરતા 10 ગણી ઝડપે ત્રાટકી શકે છે આ રશિયન મિસાઇલ

**રશિયાએ** હુમલાને પુતિનના નિવાસસ્થાન પર થયેલા ડ્રોન હુમલાનો બદલો ગણાવ્યો

કિવ, તા. 9 (એપી): રશિયાએ રાત્રે સેંકડો ડ્રોન અને ડઝનબંધ મિસાઈલોથી યુક્રેન પર મોટો હુમલો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા ચાર લોકોનાં મોત થયાં હતાં, એમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

રશિયાએ બીજી વાર પોતાની નવી બેલેસ્ટિક મિસાઈલ 'ઓરેશ્નિક'નો ઉપયોગ કર્યો છે, જે અવાજની ઝડપ કરતા 10 ગણી ઝડપે ઉડે છે અને તેને રોકવી અશક્ય હોવાનો દાવો કરવામાં આવે છે. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે પ્રમુખ ઝેલેન્સકીએ અમેરિકાના રાજદૂતો સાથે સંભવિત શાંતિ સમાધાન અંગે મહત્વપૂર્ણ પ્રગતિની વાત કરી હતી, પરંતુ મોસ્કો તરફથી નમતું જોખવાના કોઈ સંકેત મળ્યા નથી.

કિવમાં રહેણાંક ઈમારતો પર થયેલા હુમલામાં ચાર લોકો માર્યા ગયા છે અને 25 ઈજાગ્રસ્ત થયા છે. મૃતકોમાં એક ઈમરજન્સી મેડિકલ વર્કરનો સમાવેશ થાય છે, જ્યારે ચાર ડોકટરો અને એક પોલીસ અધિકારી ઈજાગ્રસ્ત થયા છે. માઈનસ 8 ડિગ્રી તાપમાન વચ્ચે કિવની આશરે 6000 ઈમારતોમાં હીટિંગ અને પાણી પુરવઠો ખોરવાયો છે. આ હુમલામાં કતારના દૂતાવાસને પણ નુકસાન થયું છે.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે આને પુતિનના નિવાસસ્થાન પર થયેલા કથિત ડ્રોન હુમલાનો બદલો ગણાવ્યો છે, જોકે યુક્રેન અને અમેરિકાએ પુતિનના નિવાસ સ્થાને થયેલા હુમલાના દાવાને નકારી કાઢ્યા છે.

# લદાખની શાક્સગામ ખીણમાં ચીની બાંધકામો દેખાયા

**ભારતે** વિરોધ નોંધાવ્યો, આ પ્રદેશ પર પોતાનો દાવો દોહરાવ્યો

**આ ખીણ** પાકિસ્તાને ૧૯૬૩માં ચીનને સોંપી દીધી હતી, તેના પર ભારત દાવો કરતું આવ્યું છે

નવી દિલ્હી, તા. ૯: લદાખમાં આવેલ શાકસગામ ઘાટીમાં કેટલાક ચીની બાંધકામો જોવા મળ્યા છે. ભારતે આની સામે વિરોધ નોંધાવ્યો છે અને કહ્યું છે કે આ અમારો પ્રદેશ છે તેમાં કોઈ પણ ચીની બાંધકામ ગેરકાયદે છે. ભારતે શુક્રવાર, 9 જાન્યુઆરી 2026ના રોજ શાક્સગામ ઘાટીમાં ચીની ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સખત રીતે નકારી કાઢતા કહ્યું કે આ વિસ્તાર તેના પ્રદેશનો ભાગ છે. ભારતે ચીન દ્વારા જમીની હકીકત બદલવાના પ્રયાસોની પણ નિંદા કરી છે. આ અંગે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસ્વાલનું નિવેદન સામે આવ્યું છે, જેમાં તેમણે ચીન-પાકિસ્તાન સીમા કરારને ગેરકાયદેસર અને અમાન્ય ગણાવ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, "શાક્સગામ ખીણ ભારતનો પ્રદેશ છે. અમે ૧૯૬૩માં હસ્તાક્ષર કરાયેલા કથિત ચીન-પાકિસ્તાન 'સીમા કરાર'ને ક્યારેય માન્યતા આપી નથી. અમે સતત એવું માનતા આવ્યા છીએ કે આ કરાર ગેરકાનૂની અને અમાન્ય છે." તેમણે સાપ્તાહિક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, "અમે કથિત 'ચીન-પાકિસ્તાન આર્થિક કોરિડોર' (CPEC) ને પણ માન્યતા આપતા નથી, જે ભારતીય પ્રદેશમાંથી પસાર થાય છે અને તે પાકિસ્તાનના બળજબરીપૂર્વક તથા ગેરકાયદેસર કબજા હેઠળ છે." અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાને ૧૯૬૩માં તેના દ્વારા ગેરકાયદેસર રીતે કબજે કરાયેલા વિસ્તારોમાંથી શક્સગામ ખીણમાં ૫,૧૮૦ ચોરસ કિલોમીટરની ભારતની ધરતી ગેરકાયદેસર રીતે ચીનને સોંપી દીધી હતી.

# અમેરિકા અને તુર્કી નેતન્યાહુનું અપહરણ કરે: પાકિસ્તાની રક્ષા મંત્રી

**ખ્વાજા** આસિફે નેતન્યાહુ વિરુદ્ધ ઇન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટના ધરપકડ વોરંટનો ઉલ્લેખ કર્યો

ઈસ્લામાબાદ, તા. 9: પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે ગુરુવારે અમેરિકા અને તુર્કીને ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુનું અપહરણ કરવાની અપીલ કરી છે.

તેમણે એક ન્યૂઝ ચેનલને આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, અમેરિકાએ વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુને 'કિડનેપ' કરીને કોર્ટમાં લાવવા જોઈએ. આસિફે આગળ ઉમેર્યું કે તુર્કી પણ નેતન્યાહુને અગવા કરી શકે છે. તેમણે નેતન્યાહુને માનવતાના સૌથી મોટા ગુનેગાર ગણાવ્યા હતા. આસિફે નેતન્યાહુ વિરુદ્ધ ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટના ધરપકડ વોરંટનો પણ ઉલ્લેખ કર્યો હતો. ખ્વાજા આસિફે આ ટિપ્પણી ન્યૂઝ ચેનલ પર લાઈવ ટેલિકાસ્ટ દરમિયાન કરી હતી. આ દરમિયાન આસિફે કહ્યું કે જો અમેરિકા કે તુર્કી નેતન્યાહુને પકડશે તો તેઓ તેનું સમર્થન કરશે. તેમણે કહ્યું, 'તુર્કી નેતન્યાહુનું અપહરણ કરી શકે છે, અને અમે પાકિસ્તાનીઓ આ માટે પ્રાર્થના કરી રહ્યા છીએ.' પાકિસ્તાની રક્ષા મંત્રીનું આ નિવેદન વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોને અમેરિકી હુમલામાં પકડવામાં આવ્યા બાદ આવ્યું છે. અમેરિકાએ માદુરો પર નાર્કો ટેરરિઝમનો આરોપ લગાવ્યો છે. આસિફે નેતન્યાહુને પકડવા માટે વારંવાર આઈસીસીના ધરપકડ વોરંટનો હવાલો આપ્યો હતો. તેમણે કહ્યું કે આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલતે પણ નેતન્યાહુ વિરુદ્ધ કાર્યવાહી કરી છે અને દેશોએ ન્યાય માટે આવું કરવું જોઈએ. ઉલ્લેખનીય છે કે, આઈસીસીએ નવેમ્બર 2024માં નેતન્યાહુ અને પૂર્વ રક્ષા મંત્રી યોવ ગેલન્ટ માટે ધરપકડ વોરંટ જારી કર્યા હતા. જોકે, ઈઝરાયેલે આ વોરંટને ગેરકાયદે ગણાવીને તેના પર કડક પ્રતિક્રિયા આપી હતી.

### ઈઝરાયેલે ગાઝામાં પાકિસ્તાની સેનાના પ્રવેશની મનાઈ કરી

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા શાંતિ યોજના હેઠળ પ્રસ્તાવિત 'ઇન્ટરનેશનલ સ્ટેબિલાઇઝેશન ફોર્સ' (આઈએસએફ)માં પાકિસ્તાની સેનાના જોડાણ સામે ઈઝરાયેલે સખત વાંધો ઉઠાવ્યો છે. ઈઝરાયેલી દૂતાવાસે સ્પષ્ટ કર્યું છે કે તેઓ માત્ર એવા જ દેશો સાથે કામ કરી શકે છે જેના પર તેઓ ભરોસો રાખતા હોય. પાકિસ્તાન અને હમાસ વચ્ચેના સંબંધો તેમજ તાજેતરમાં પાકિસ્તાનમાં હમાસ અને લશ્કર-એ-તૈયબાના કમાન્ડરો વચ્ચે થયેલી બેઠકને પગલે ઈઝરાયેલ આ સુરક્ષા દળમાં પાકિસ્તાનની ભાગીદારીનો વિરોધ કરી રહ્યું છે. બીજી તરફ, પાકિસ્તાને હમાસને નિઃશસ્ત્ર કરવાની શરતે આ દળમાં જોડાવાનો ઇનકાર કર્યો છે.


